**DATE: 14/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# કલરનો જથ્થો સગેવગે કરનાર ટ્રકનો ક્લિનર ઝડપાયો

**ડુમાડ** ચોકડી પાસે જ ટ્રક ખાલી મળી આવી હતી, ડ્રાઇવર અગાઉ પકડાઇ ચૂક્યો છે

અંકલેશ્વર : અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલ એશિયન પેઈન્ટ્સ કંપનીમાંથી વેસ્ટ બંગાળ લઈ જવાતા કલરનો જથ્થો સગેવગે કરવાના મામલે 6 મહિના બાદ ટ્રકનો ક્લિનર પોલીસના હાથે ઝડપાયો હતો.

મળતી માહિતી અનુસાર, ગત તા. 7 જૂન 2022ના રોજ અંકલેશ્વરની જીઆઈડીસી વિસ્તારમાં આવેલ એશિયન પેઈન્ટ્સ કંપનીમાંથી પશ્ચિમ બંગાળના હુગલી ખાતે ટ્રક નંબર GJ-06-ZZ-2870માં ભરી ટ્રક ચાલક પ્રભાત હીરા ઠાકોર કલરના રૂપિયા 43 લાખથી વધુની કિંમતના 1790 નંગ બોક્સ લઈને નીકળ્યો હતો. જે બાદ ટ્રકનું GPS ચેક કરતા તે બંધ હોવા સાથે ચાલકનો ફોન પણ બંધ આવ્યો હતો, અને આ ટ્રક વડોદરાની ડુમાડ ચોકડી નજીકથી ખાલી હાલતમાં મળી આવ્યો હતો. જોકે, ટ્રકમાં રહેલ તમામ કલરનો જથ્થો સગેવગે થયો હોવાનું ધ્યાન પર આવતા ડેલ્હીવેરી ફ્રેઈટ સર્વિસીસ કંપનીમાં લોસ એન્ડ પ્રિવીયેન્સન ડિપાર્ટમેન્ટમાં સિનિયર સિક્યુરિટી મેનેજર મહેન્દ્ર પરમારે હરેન્દ્રસિંહ પરમાર અને ટ્રક ચાલક પ્રભાત હીરા ઠાકોર વિરુદ્ધ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ દરમિયાન પોલીસે અગાઉ 3 આરોપીની અટકાયત કર્યા બાદ મુદ્દામાલ સગેવગે કરનાર ટ્રકના કંડક્ટર શિવાલ ઉર્ફે બુધો પીરજલાલ વડગામાને સુરતના વરાછાના વૈશાલી ત્રણ રસ્તા પાસેથી ઝડપી પાડ્યો હતો.

**DATE: 14/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ટેન્કરોમાંથી કેમિકલ ચોરી કરવામાં આવતું હોવાની સંભાવના

# દહેજ નજીકથી ચોરીનું કેમિકલ લઈ જતો મકરપુરાનો ઈસમ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વિધાનસભાની ચુંટણી હોવાથી જિલ્લામાં સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહયું છે. એલસીબી પીઆઇ ઉત્સવ બારોટ તથા તેમની ટીમને દહેજ નજીક ટેન્કરોમાંથી કેમિકલ ચોરીનું કૌભાંડ ચાલી રહયું છે અને તેમાંથી ચોરીનું કેમિકલ લઈ જતો એક ટેમ્પો દહેજથી વડોદરા તરફ જઈ રહયું છે. પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ ટેમ્પાને અટકાવી તલાશી લેતાં તેમાંથી કાર્બન ટેટ્રા કલોરાઈડ કેમિકલ ભરેલાં 10 કારબા મળી આવ્યાં હતાં. ટેમ્પાનો ડ્રાયવર અને વડોદરાના મકરપુરા ડેપોની પાછળ આવેલી નારાયણ નગર સોસાયટીમાં રહેતો હીરાલાલ લોટન પાટીલ યોગ્ય જવાબ ન આપી શકતાં તેની સીઆરપીસી હેઠળ અટકાયત કરવામાં આવી છે. આ કેમિકલની ટેન્કરોમાંથી ચોરી કરવામાં આવી હોવાની શકયતા હોવાથી તપાસ કરાય રહી છે.

**DATE: 14/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### જમીનના ઝઘડામાં ફરિયાદ બાદ સુરતી ભાગોળ ખાતે રહેતાં હતાં

# પાલનપુરની મારામારીમાં વોન્ટેડ પિતા-પુત્ર અંકલેશ્વરથી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાલનપુરના જમીન મામલે રાયોટીંગ અને મારામારીના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા બે આરોપીઓને અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા છે. બંને આરોપીને વધુ કાર્યવાહી માટે પાલનપુર પોલીસને જાણ કરી છે.

અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનના સ્ટાફ અને તેમના વિસ્તારમાં માહિતી મળી હતી કે, પાલનપુર પૂર્વ પોલીસ મથકમાં જમીનની મેટરમાં રાયોટીંગ અને મારામારીના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપી મક્બલ હુશેન ઉર્ફે મુન્નો શેઠ્ઠી મોહમ્મદ હુસેન પઠાણ તથા અબવાબ મક્કુલ હુશેન ઉર્ફે મુન્નો શેઠ્ઠી મોહમ્મદ હુસેન પઠાણ બન્ને રહે,પાલનપુર જે બંને પિતા પુત્ર છે. તેઓ બંને અંકલેશ્વર શહેર ખાતે આવેલી સુરતી ભાગોળ, ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહે છે. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકના પોલીસ સ્ટાફને મળેલી માહિતીના આધારે સ્થળ પરથી બંને પિતા-પુત્ર આરોપીઓને ઝડપી પાડ્યા હતાં. અંકલેશ્વર પોલીસે બે ઈસમોને CRPC કલમ 41( 1 ) આઈ મુજબ હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી કરી પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવેલ છે. અંકલેશ્વર શહેર તથા તાલુકામાં નાગરિકોના વેશમાં અનેક ગુનેગારો છુપાયેલા રહેતાં હોય છે. તાજેતરમાં ભરૂચ પોલીસે અંકલેશ્વરના પરપ્રાંતિય વસતી ધરાવતાં વિસ્તારોમાં કોમ્બિંગ કરી અનેક લોકો સામે ગુના દાખલ કર્યા છે.

**DATE: 15/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–18**

### પોલીસે લાલ આંખ કરતા દારૂની હેરાફેરી કરનારાઓમાં ફફડાટ

# નેત્રંગ ચારરસ્તા પર ટેમ્પામાંથી રૂા. ૪.૮૩ લાખનો દારૂ ઝડપાયો

## રૂા. ૧૦.૨૦ લાખના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીની ધરપકડ : ત્રણ વૉન્ટેડ

નેત્રંગ : નેત્રંગ ચાર રસ્તા પાસેથી પોલીસે રૂપિયા ૪,૮૩,૩૯૦ની કિંમતના દારૂ ભરેલા ટેમ્પા સાથે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા હતાં. ચૂંટણી ટાણે અસામાજીક પ્રવૃતિ પર પોલીસે લાલ આંખ કરી દારૂનો જથ્થો પકડી પાડતા દારૂની હેરાફેરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

ભરૂચ એલસીબી પીએસઆઈ પી. એમ. વાળા નેત્રંગ-વાલીયા રોડ ઉપર પેટ્રોલીંગમાં હતા. ત્યારે નેત્રંગ ચારરસ્તા ઉપરથી એક મોટરસાયકલ ચાલક પેટ્રોલીંગ કરીને આઈસર ટેમ્પા નંબર



એમએચ-૦૪- ઈબી-૪૨૩૯ માં ચોરખાનું બનાવી મોટાપાયે વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. તેવી બાતમી મળતા પુરતા પોલીસ બંદોબસ્ત સાથે ચેકિંગ હાથ ધરતા આઈસર ટેમ્પો- મોટરસાયકલને ઝડપી પાડ્યા હતા. વિદેશી દારૂની બોટલ નંગ ૨૭૪૮ જેની કિંમત રૂપિયા ૪,૮૩,૩૯૦, આઈસર ટેમ્પો નંગ ૧ જેની કિંમત ૫ લાખ, મોટરસાયકલ નંગ ૧ જેની કિંમત ૨૦,૦૦૦, મોબાઈલ નંગ ૩ જેની કિંમત ૧૫,૫૦૦ સહિત કુલ ૧૦,૨૦,૮૯૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ સાથે પોલીસે સોયેબ ઇલ્યાસ પટેલ. રહે ભરૂચ, પ્રથમેશ અશોક ચવ્હાણ રહે. મહારાષ્ટ, જેસિંગ ધનજી વસાવા રહે. સુરતને ઝડપી પાડ્યા હતાં. જ્યારે મુન્નો એહમદબાપુ રાજ રહે. ભરૂચ, હરેશ ગૌડ રહે. નવસારી, બોડીયો રણછોડ વસાવા રહે. સુરતને વોન્ટેડ જાહેર કર્યા છે.

**DATE: 15/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### કારની તલાશી લેવાતાં તેમાંથી દારૂની 48 બોટલ મળી આવી

# ધનશેરાની ચેકપોસ્ટ નજીકથી બે ખેપિયા પોલીસના હાથે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | રાજપીપળા

વિધાનસભાની ચુંટણીઓ આવતી હોય દારૂનો દુષણ મોટાં પ્રમાણમાં ના ફેલાય એ માટે પોલીસ તંત્ર સાબદુ બન્યું છે. વડોદરા રેન્જ આઈજી સંદીપસિંહ સહિત નર્મદા જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબેની સુચના અને માર્ગદર્શન હેઠળ નર્મદા જિલ્લામાં ચેકપોસ્ટ ઉપર પોલીસ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ત્યારે મહારાષ્ટ્ર રાજ્યને અડીને આવેલી ધનસેરા ચેક પોસ્ટ ઉપરથી પસાર થતી



ઈકો કારમાંથી સાગબારા પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.વી.પાટીલ સહિતના સ્ટાફે વિદેશી દારૂનો જથ્થો લઈ મહારાષ્ટ્ર તરફથી આવતા બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

સવારે સગબારા પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.વી. પાટીલ સહિત વિનેશભાઈ, મહેન્દ્ર, સુરેશ અને ગણપત ખાનસિંઘનાં પોલીસ જવાનો પોતાની ફરજ ઉપર હતા અને વાહનોનું ચેકીંગ કરી રહ્યા હતા. જે દરમિયાન એક ઈકો કાર આવતાં તેના ચાલકને ઊભો રાખી કારની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂના 48 નંગ હોલ મળી આવ્યાં હતાં. જેની કિંમત રૂ.26,880 અને કાર કિંમત રૂ.2.5 લાખ મળી કુલ 276880નો મુદામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 16/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### વલસાડ પોલીસ સ્ટેશનનો વોન્ટેડ આરોપી

# અંકલેશ્વરના બૂટલેગરને એલસીબીએ ઝડપી પાડયો

ભાસ્કર ન્યૂઝ । અંકલેશ્વર

વલસાડ પોલીસ ચોપડે વોન્ટેડ અંકલેશ્વર ના બુટલેગર સતીશ વસાવા ને એલસીબી પોલીસની ટીમે ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર સહીત જિલ્લા માં લીકર કિંગ તરીકે પંકાયેલા નવાગામ કરારવેલ ના સતીશ વસાવા ઉર્ફે સતલો ગાંડો ભરૂચ, ઝગડીયા અને અંકલેશ્વર તાલુકા માં અનેક પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ હતો જોઈ તાજેતર માજ પોલીસ દ્વારા ધરપકડ કરાઈ હતી. જે જામીન પર આવતા પુનઃ એકવાર એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો. વલસાડના પારડી પોલીસ મથક માં પ્રોહિબિશનના ગુનામાં સતીશ વસાવા ઉર્ફે સતલો ગાંડો વોન્ટેડ હતો જે અંગે વલસાડ પોલીસ દ્વારા જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ માં જાણ કરતા પોલીસે પુનઃ અંકલેશ્વર ખાતે થી એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો અને અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ ના હવાલે કર્યો હતો. તેમના દ્વારા આ અંગે વલસાડ પોલીસ ને જાણ કરતા વલસાડ પોલીસ દ્વારા ટ્રાન્સફર વોરંટ મેળવવાની તજવીજ શરૂ કરતાં આરોપીને હવે વલસાડ મોકલી આપવામાં આવશે.

**DATE: 16/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### રોકડ રકમ અને વાહનો સહિત 1.72 લાખનો મુદ્દામાલ જપ્ત

# કોસમડીમાં જુગારના અડ્ડા પર દરોડામાં 7 નબીરાઓ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



કોસમડી ગામેથી ઝડપાયેલાં જુગારીયાઓને પોલીસ સ્ટેશન લવાયાં

અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામ ખાતે ભરૂચ એલસીબી પોલીસે જુગાર રમતા સાત જુગારીઓને ઝડપી લઈ રોકડ રકમ .પાંચ મોટરસાયકલ અને મોબાઈલ મળી કુલ રૂપિયા 1 લાખ 72 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે .

ભરૂચ એલસીબી નો સ્ટાફ અંકલેશ્વર તાલુકામાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર કોસમડી ગામ નજીક આવેલ નવી કોલોની પાછળ ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે જુગારધામ ચાલી રહ્યો છે તેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસના દરોડા ને પગલે જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી પોલીસે સ્થળ પરથી રોકડા 32 હજાર રોકડા અને સાત મોબાઈલ ફોન તેમજ પાંચ મોટર સાઈકલ મળી કુલ 1.72 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને કોસમડી ગામના નવાપરા વિસ્તારમાં રહેતો જુગારી સુરેશ વસાવા,વિશાલ પટેલ,મોહસીન ખલિફા,મહંમદ બિલાલ વડીયા, નરેશ વસાવા સહિત સાત જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યાં છે. ભરૂચ જિલ્લામાં જુગારની બદીએ માઝા મુકી છે. ઠેર ઠેર જુગારના અડ્ડાઓ ચાલી રહયાં હોવાની ફરિયાદો ઉઠી છે ત્યારે પોલીસે પણ જુગારના અડ્ડાઓ બંધ કરાવવા માટે કવાયત હાથ ધરી છે. પોલીસની ટીમો જુગારીયાઓને પકડીને જેલભેગા કરી રહી છે. અંકલેશ્વરમાંથી ભુતકાળમાં ખેતરમાં ચાલતો મોટો જુગારનો અડ્ડો ઝડપી લેવાયો હતો. સ્ટેટ વિજિલન્સની ટીમોએ પણ ભુતકાળમાં જુગારના અડ્ડાઓ પર કાર્યવાહી કરી હોવાના કિસ્સાઓ બની ચુક્યાં છે.

**DATE: 16/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### શંકાસ્પદ સામાનની પોલીસને જાણ કરવા તાકીદ

# ભરૂચ જિલ્લાના ભંગારના વેપારીઓ માટે જાહેરનામું

## વાહન લે-વેચનું રજિસ્ટર નિભાવવા સૂચના

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન આર ધાંધલ દ્વારા ભંગારના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો માટે ખાસ જાહેરનામું બહાર પાડ્યું છે. જાહેરનામાંનો ભંગ કરનારા સામે ફોજદારી ગુનો નોંધવામાં આવશે તેવી તાકીદ પણ કરી છે.

જાહેરનામામાં સુચના આપી છે કે, ભંગારનો ધંધો કરતા વ્યક્તિઓએ ધંધાની જગ્યાના તથા ભાડે રાખેલ હોય તો તેની ભાડા કરાર કરવાનો રહેશે. મૂળ વતની હોય ત્યાંથી પોલીસ ક્લિયરન્સ સર્ટીફીકેટ મેળવવાનું રહેશે.જે વિસ્તારમા ધંધો કરતા હોય ત્યાં આઈ ડી પ્રૂફની નકલ આપવાની રહેશે. કોઈ ગુનાને લગતો કે શકમંદ સામાનની પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે. જેની પાસેથી ખરીદેલ હોય તે વ્યક્તિના આઈ ડી કાર્ડની વિગત તથા સંપર્ક અંગેની રજીસ્ટર નિભાવવાનું રહેશે.વાહન વેચવા આવે ત્યારે તેની અસલ આઈ સી બુક તથા એન્જિન નંબર અને રજીસ્ટ્રેશન ની વિગત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

આ જાહેરનામાનો અમલ તા.9-11-22થી દિન 60 સુધી રહેશે. આ હુકમ અન્વયે ભરૂચ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકના દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનો હોદ્દો ધરવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિઓ સામે આઈ.પી.સી. ક. 188 અધિકૃત કરવામાં આવે છે. તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન આર ધાધલ ભરૂચના એક જાહેરનામાં જણાવાયું હતું.

**DATE: 17/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ફટાકડાના તણખાથી આગ લાગતાં માર્યો હતો

# માતર ગામે થયેલી હત્યાના ગુનાનો આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ તાલુકામાં આવેલાં માતર ગામના યુવાને ફટાકડાં ફોડતાં તેના તણખલાથી ઘર પરનું થર્મોકોલનું ખોખુ સળગી જવા જેવી નજીવી બાબતે શખ્સે યુવાનને માર માર્યો હતો. જેના પગલે તેનું મોત નીપજ્યું હતું. બનાવ સંદર્ભે આમોદ પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો.

આમોદ તાલુકાના માતર ગામે માતા-પિતાના મૃત્યુ બાદ એકલો રહેતો જગદિશ જીવણ વસાવા તેના ઘરની સામે આંગણામાં ફટાકડાં ફોડી રહ્યો હતો. તે વેળાં તેના તણખલાથી નજીકમાં રહેતાં નુરઝા મહંમદ કાળા વોરા પટેલન ઘર પર મુકેલું થર્મોકોલનું ખોખું સળગી ગયું હતું. જેના પગલે નુરઝાનો પુત્ર ફેઝલ મહંમદ કાળા વોરા પટેલે તેની પાસે આવી મારૂ ઘર સળગી ગયું હોત તો તેમ કહી જગદિશ પર હુમલો કરી તેની છાતીમાં તેમજ શરીરના અન્ય ભાગોમાં માર મારી ઈજાઓ પહોંચાડી હતી. તેનું મોત થતાં આમોદ પોલીસમાં ફેઝલ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધાયો હતો. આમોદ પોલીસ મથકે મૃતકની કાકી મંજુલા રામા વસાવાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે ફેઝલ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધાયો હતો. જે બાદ પોલીસે ટીમ બનાવી હત્યારાને શોધવાની કવાયત હાથ ધરતાં આખરે તે ઝડપાઈ ગયો હતો. પોલીસે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 17/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### પોલીસે ટ્રાન્સફર વોરંટથી આરોપીને લાવી રિમાન્ડની તજવીજ

# સારંગપુરમાં ઈકોનું સાયલેન્સર ચોરી કરનાર આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસે તાજેતરમાં આમોદ પોલીસ મથકે પશુ ચોરીના સંડોવાયેલ અમદાવાદના રીઢા ચોર ઈમરાન ઉર્ફે કાબરો વાહીદ બેલીમને ઝડપી પાડ્યો હતો. તેની ઉંડાણપૂર્વક પૂછપરછ કરતા તેને તેના સાગરીતો સાથે વાગરા તાલુકાના ઓરા ગામના એક ફાર્મ હાઉસ માંથી બકરા ચોરી કર્યા હતા.

ઉપરાંત ભરૂચ ના સોનેરી મહેલ, માતરીયા તળાવ,લીંક રોડ, ધોળીકુઈ બજારમાંથી અને ભરૂચના



દહેગામમાંથી તેમજ આમોદના ગણેશનગર, આછોદ ચોકડી પાસે તેમજ અંકલેશ્વરના સારંગપુર ગામ ખાતે થી અલગ અલગ વિસ્તાર માંથી ઈકો ગાડીમાંથી સાઈલેન્સર ચોરી કરી હતી. જે આધારે જિલ્લા માંથી કુલ 7 ઈકો ગાડીના સાઈલેન્સર ચોરી અને એક બકરાં ચોરી મળી કુલ 8 જેટલા ગુનાની કબૂલાત કરી હતી.

જે આરોપી વધુ પૂછપરછમાં અમદાવાદ ના મોહમદ ઈદરીસ ઉર્ફે ઈદડી હબીબ વોરા, દસ્તગીર ઉર્ફે દસકો મોહંમદ ઘાંચી, મોઈન ઉર્ફે ગફ્રી મોહંમદ પાનારા, અસલમ ઉર્ફે બાટલી હુસેનશા દીવાન નું નામ પણ સામે આવ્યું હતું. પોલીસે તેમને વોન્ટેડ જાહેર કર્યા હતા.

અગાઉ ભરૂચ ઉપરાંત રાજ્યના 9 જેટલા અલગ અલગ પોલીસ મથકે ઈમરાન ઉર્ફે કાબરો વાહીદ બેલીમ ઝડપાયો હતો. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ ઈમરાન ઉર્ફે કાબરો વાહીદ બેલીમની ટ્રાન્સફર વોરન્ટ મેળવી ધરપકડ કરી હતી.

**DATE: 17/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### માલિકી અંગે યોગ્ય જવાબ ન આપી શક્યો

# અંકલેશ્વરમાં પરપ્રાંતીય શ્રમિક લેપટોપ સાથે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બસ ડેપો પાસે મજુર પાસે લેપટોપ મળ્યું હતું. લેપટોપ અંગે જરૂરી દસ્તાવેજી પુરાવા ના અપાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. ચોરી નું હોવાની આશંકા એ પોલીસે મજુર ની અટક કરી લેપટોપ જપ્ત કર્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર અંકલેશ્વર શહેર પોલીસ મથક ના સર્વેલન્સ સ્કોર્ડ ના હે.કો. કનકસિંહ ભાઈ હમીર તેમજ તેમના સાથી સભ્ય ત્રણ રસ્તા સર્કલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે શહેર બસ ડેપો પાસે એક મજુર શંકાસ્પદ રીતે લેપટોપ લઈ ફરી રહ્યો છે. જે આધારે પોલીસે બસ ડેપો પાસે સર્ચ કરતા મૂળ મધ્યપ્રદેશના 30 વર્ષીય રજૂભાર રિદુભાઈ યાદવ શંકા ના આધારે રોકી સર્ચ કરતા તેની પાસે થી ડેલ કંપનીના લેપટોપ મળી આવ્યું હતું જે લેપટોપ અંગે જરૂરી પુરાવા માંગતા તે બિલ કે અન્ય પુરાવા ના હોવાનું કહી ગલ્લાંતલ્લાં કરવા લાગતા પોલીસે તેની સી.આર.પી.સી 102 મુજબ અટક કરી સી.આર.પી.સી 41(1) ડી મુજબ 15000 રૂપિયા ની કિંમત નું લેપટોપ જપ્ત કર્યું હતું. અને તેની વધુ પુછપરછ આરંભી હતી.

**DATE: 18/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### કવિઠા ગામ પાસે વાહન ચેકિંગમાં પકડાયાં

# ભરૂચમાંથી ચોરી કરેલી બાઇક સાથે નબીપુરના બે ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નબીપુર પોલીસની ટીમ ચુંટણીને લઈને પેટ્રોલિંગમાં હતી. દરમિયાનમાં હેકો ગજેન્દ્રસિંહ તેમજ પોકો દેવકરણ વિભાભાઈએ ચોક્કસ બાતમીના આધારે કવિઠા ગામ પાસે વાહન ચેકિંગ હાથ ધર્યું હતું.

દરમિયાનમાં એક બાઈક પર સવાર બે શખ્સોને રોકી તેમની પુછપરછ કરતાં તેમના નામ નશીબ રમેશ વસાવા તેમજ સુભાષ શંકર વસાવા હોવાનું પણું હતું. તેમની પાસેથી બાઈકના દસ્તાવેજોની માંગણી કરતાં તેમની પાસે મળવ્યાં ન હતાં. જેના પગલે ટીમે ઈ-ગુજકોપ તેમજ પોકેટ કોપ મોબાઈલમાં વાહનની ડિટેલ ચેક કરતાં તે વાહન ભરૂચ સી ડિવિઝન વિસ્તારમાંથી ચોરી થયું હોવાનું માલુમ પડતાં તેમની ઉલટ પુછપરછ કરતાં તેમણે ભરૂચની આનંદ રેસ્ટોરન્ટ પાસેથી બાઈક ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જોકે, બીજી તરફ સી ડિવિઝન પોલીસ મથકે બાઈકના માલિક અને નર-નારાયણ બંગ્લોઝ ખાતે રહેતાં મનિષ પટેલે ફરિયાદ નોંધાવી હોઈ આરોપીઓને સી ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યાં હતાં.

**DATE: 19/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### નાણાં તથા દારૂની હેરાફેરી રોકવા માટે 45 ટીમો કાર્યરત કરાઈ

# ભરૂચ જિલ્લામાં થતી ગતિવિધિ પર નજર રાખવા વાહન ચેકિંગ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ, અંકલેશ્વર, વાગરા, જંબુસર અને ઝઘડીયા વિધાનસભા બેઠક માટે પહેલી ડીસેમ્બરના રોજ મતદાન થવા જઇ રહયું છે. વિધાનસભાની ચુંટણી જાહેર થયા બાદથી જ આચારસંહિતાનો અમલ શરૂ થઇ ચુકયો છે. ઉમેદવારી પત્રો ભરાય ગયા બાદ હવે પ્રચાર કાર્ય પુરજોશમાં ચાલી રહયું છે ત્યારે ઉમેદવારો તથા તેમના ટેકેદારો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.ભરૂચ જિલ્લામાં 70 ચેકીંગ નાકા ઉપર રાઉન્ડ ૫ ક્લોક



ભરૂચ જિલ્લામાં વાહનોને રોકી તેની તપાસ કરાય રહી છે.

8 કલાકની ત્રણ શિફ્ટમાં ટીમો તૈનાત કરીને વાહનોની તપાસ, રોકડની હેરફેર, હથિયારો, લીકર વગેરે જેવી વસ્તુઓ પર બાજ નજર રાખવા સહિત વાહન નંબર તેમજ કોન્ટેક્ટ નંબરની નોંધણી કરવાની કામગીરી થઈ રહી છે.નિષ્પક્ષ ચૂંટણી પ્રકિયા માટે આર્થિક લેવડ દેવડના કિસ્સામાં આચારસંહિતાનો ભંગ ન થાય તેનું ધ્યાન રખાય છે.

**DATE: 20/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### દિવા રોડ પર આવેલી ઝૂંપડપટ્ટીમાં કાર્યવાહી કરવામાં આવી

# અંકલેશ્વરમાં ચોરીની 3 બાઈક સાથે યુવાન પોલીસના સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટાફ અને LCBની ટીમે શહેરમાંથી વાહનની ચોરી કરતા વાહન ચોરને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી બે એક્ટિવા અને એક બાઈક જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચના એસપી ડો.લીના પાટીલે જિલ્લામાં મિલકત સંબંધી ગુના અટકાવવા તથા વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢવા દરેક અધિકારીઓને સૂચના આપી હતી. જેના આધારે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ તથા ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ સાથે મળીને અંકલેશ્વર શહેરમાં થતા વાહન ચોરીના ગુનાઓ સંબંધે ગંભીરતા દાખવવી વાહન ચોરીના ત્રણ ગુનાઓ શોધી કાઢ્યા હતા. પોલીસ સ્ટાફને માહિતી મળી હતી કે,એક આરોપીને દીવા રોડ ખાતે આવેલા મંગલમુર્તી સોસાયટીની પાછળ ઝુપડપટ્ટી નજીક રહેતા એક શખ્સ જોડે ચોરીની બાઈકો રહેલી છે. જે બાતમીના આધારે પોલીસે તે સ્થળ પર રેડ કરીને આરોપી સંદિપ પ્રજાપતિને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી બે એક્ટિવા અને એક બાઈક મળીને કુલ કિંમત રૂ. 80 હજારના ત્રણ વાહન જપ્ત કર્યા હતા. પોલીસે તેની કલમ 41( 1 ) ડી મુજબ અટક કરી છે. તથા મુદામાલ CRPC કલમ 102 મુજબ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

**DATE: 20/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### મોપેડની ડિકીમાં દારૂની બોટલ મુકી વેચતો હતો

# જંબુસરના કાવી રિંગ રોડ પરથી બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસરના કાવી રીંગ રોડ પર લાલશાહીદ મસ્જીદ પાસેથી ગલીમાં મોપેડની ડેકીમાં વિદેશીદારૂની બોટલો સંતાડી વેચાણ કરતાં બુટલેગરને એલસીબીની ટીમે ઝડપી પાડ્યો હતો.

ભરૂચ એલસીબીની ટીમ જંબુસર વિસ્તારમાં ચૂંટણીને લઈને પેટ્રોલિંગમાં હતી. તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, કાવી રીંગ રોડ પર આવેલી લાલશાહીદ મસ્જીદ પાસેની ગલીમાં એક શખ્સ જાહેરમાં વિદેશીદારૂના પાઉચનું વેચાણ કરે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં એ ટુ ઝેડ નામની દુકાન પાસે એક શખ્સ નંબર વિનાની મોપેડ પર બેસેલો જણાતાં ટીમે તેની ધરપકડ કરી પુછપરછ કરતાં તેનું નામ તોસીફ હમીદ મલેક (રહે. માંડવ ફળીયુ) હોવાનું માલુમ પડ્યું હતું. તેની પાસેની હવાલાવાળી મોપેડની ડેકીમાંથી વિદેશીદારૂની 7 બોટલ તેમજ 11 પાઉચ મળી આવ્યાં હતાં. ટીમે તેની ધરપકડ કરી તેની પાસેથી વિદેશીદારૂનો જથ્થો, મોબાઈલ, રોકડા રૂપિયા તેમજ મોપેડ મળી કુલ 91 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.ટીમે તેને જંબુસર પોલીસને સોંપી તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધતાં જંબુસર પોલીસે તેણે કોની પાસેથી દારૂ લાવ્યો તે અંગેની તપાસ શરૂ કરી છે.